

GJ
891.474
V 77 T

# તહોમતનામું

વિનોબા

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# તહોમતનામું

વિનોબા

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

Library IIAS, Shimla
GJ 891.474 V 77 T
00130375

Acc. No. 130375
Date 14-9-2010
SIMLA

891.474
V77T

બે રૂપિયા

પ્રથમ આવૃત્તિ
પ્રત ૨૦૦૦ એપ્રિલ ૧૯૮૬

પ્રકાશક
કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

મુદ્રક
જગદીશ શાહ
યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

## ૧

અંગ્રેજીમાં એડમન્ડ બર્કની એક ચોપડી છે— "ઇમ્પીચમેન્ટ ઑફ વોરન હેસ્ટિંગ્સ." વોરન હેસ્ટિંગ્સ પર કેટલાંક તહોમતનામાં મૂકવામાં આવેલાં અને તેના પર કામ ચલાવવામાં આવેલું. તો હું પૂછીશ કે સરકાર પર શા માટે કામ ચલાવવામાં ન આવે? તેના પર આ ત્રણ આરોપ મૂકવામાં આવે: અન્ન બાબતમાં દેશને સ્વાવલંબી શું કામ ન કર્યો? (૧૯૬૬ માં આ કહેલું. —સં૦) આ આરોપ નંબર એક. શિક્ષણનો ઢાંચો નવેસરથી નક્કી ન કર્યો અને આટલાં વરસ ગુલામીકાળની એની એ શિક્ષણ-પદ્ધતિ ચાલવા દીધી, તે આરોપ નંબર બે. અને ત્રીજો આરોપ એ કે સૌથી નીચેના વર્ગ ઉપર ધ્યાન ન આપ્યું. આવું તહોમતનામું સરકાર ઉપર મૂકી શકાય.

કહે છે કે અનાજની હાલત બહુ ખરાબ નથી, માત્ર ૧૦ ટકા અનાજની ખાધ છે! હવે, આનો શો અર્થ? હિંદુસ્તાનમાં ૪૮ કરોડની વસ્તી છે (૧૯૬૬માં). તેના ૧૦ ટકા એટલે ૪ કરોડ ૮૦ લાખ લોકો. એટલા લોકોને ઉપવાસ કરવા પડશે. બિહારની વસ્તી પાંચ કરોડ છે. માટે જો આખું બિહાર એક વર્ષ ઉપવાસ કરશે, તો આખા દેશને વરસભર પૂરતું ખાવાનું મળશે. બિલકુલ આસાન ચીજ છે! વધુ નહીં, માત્ર એક વરસ! બહુ ઝાઝી ખરાબ સ્થિતિ નથી! મારી તો સમજમાં જ નથી આવતું કે

અનાજ જેવી બાબતમાંયે ૧૦ ટકા ખાધ? અને તે પણ આટલાં વરસોના તમારા આયોજન બાદ? આટઆટલી પંચવાર્ષિક યોજનાઓ બનાવી, તેની પાછળ કરોડો રૂપિયા ખરચ્યા, છતાં આખી વસ્તીને પૂરતું અનાજ પહોંચાડવા-નીયે વ્યવસ્થા ન કરી શકચા? તો તમે આયોજન કર્યું શાનું?

આપણી વિકાસ-યોજનાઓમાં આ પાયાની વસ્તુનો જ ખ્યાલ ન રહ્યો. ન અનાજનું ઉત્પાદન વધ્યું, ન બરાબર વહેંચણી થઈ. આ સિવાય બાકીનું ધારો કે બહુ સારું થયું, તોયે જેને ખાવા જ ન મળ્યું, તે કહેશે કે શું સારું થયું? જુઓ, હું તો કાંઈ ભૂખ્યો માણસ નથી, છતાં મારી પદયાત્રાના સ્વાગતની યોજનામાં ખવડાવવાની યોજના નંબર એકમાં છે, અને ત્યાર બાદ બીજી બધી યોજનાઓ છે—ફૂલમાળા વગેરે આપવાની. પણ ધારો કે ફૂલમાળા વગેરે આપત પણ ખવડાવવાની યોજના જ ન કરત, તો ચાલત કે? હું તો એક પારમાર્થિક માણસ કહેવાઉં છું, છતાં મારા માટેયે જો ખાવાની યોજના પહેલી કરવી પડે છે, તો આખા દેશનો જ્યાં સવાલ આવે છે, ત્યાં તમે કહીને ઊભા રહો કે મોટા મોટા પુલ બન્યા છે, મોટાં મોટાં કારખાનાં બન્યાં છે, ફલાણું છે, ઢીકણું છે, અને કોલેજો બહુ ખૂલી છે વગેરે વગેરે. પણ ખાવાનું નથી મળતું, ભાઈ! આ તે કેવું આયોજન?

કહે છે કે વસ્તી ફૂદકે ને ભૂસકે વધી રહી છે તેથી કશો વધારો દેખાતો નથી. હવે, હું એમ પૂછું કે આ વાતની તમને પહેલેથી ખબર નહોતી શું? વસ્તી તો વધ-વાની જ હતી. આ શું અકલ્પિત ઘટના હતી? પ્લાનિંગ

કમિશનને એટલી અક્કલ નહોતી કે વસ્તી વધવાની છે એ ખ્યાલમાં રાખીને પ્લાનિંગ કરે ? નાહક એ બહાનું બતાવવાથી શો ફાયદો ? પ્લાનિંગ કરવા બેસનારને આટલી અક્કલ તો હોવી જોઈએ. એણે તો બધી બાજુનો વિચાર કરીને આયોજન કરવાનું હોય છે. પરમેશ્વર તો તમને એમ પૂછશે કે મેં તમને ખાવા માટે બબ્બે લાંબા હાથ આપ્યા છે, પછી શાની ફરિયાદ કરો છો ? ઠીક છે, વસ્તી અમર્યાદ ન વધતી રહે તે અંગે વિચારવું જોઈએ, પણ મુખ્ય કારણ એ નથી, આયોજનની અંદરની જ મૂળ ખામીને લીધે આ પરિસ્થિતિ ઊભી થઈ છે.

મૂળ વાત એ છે કે મોઢું જ જુદી દિશામાં હતું. આટલાં વરસોમાં હિંદુસ્તાનમાં માણસ દીઠ અનાજ નથી વધ્યું, દૂધ નથી વધ્યું, ફળો નથી વધ્યાં, શાકભાજી નથી વધ્યાં. તો વધ્યું છે શું ? સિગારેટો વધી છે, દારૂ વધ્યો છે, કહેવાતું જીવનધોરણ વધ્યું છે. અનાજ, દૂધ, ફળ, શાકભાજી એમાંનું કશું નથી વધ્યું. તો આટલાં વરસોમાં તમે શું વધારવા માગતા હતા ? દારૂ વધારવા માગતા હતા ? આ તે કાંઈ પ્લાનિંગ કહેવાય ?

વળી, વધારવાની વાત તો બાજુએ રહી, ગામડાં ગામમાં સરકાર તરફથી જે અનાજ અપાય છે તે પણ કેવું અપાય છે ? સસ્તા અનાજની દુકાન ખોલવામાં આવે છે. વાસ્તવમાં, સસ્તા અનાજની દુકાન એટલે ખરાબ અનાજની દુકાન; રદ્દી અનાજની દુકાન ! સારું અનાજ તો વેચાવા જશે મુંબઈમાં, અમદાવાદમાં, દિલ્હીમાં. આજે આ સ્થિતિ છે ! મોઢું પહેલેથી જુદી દિશામાં હતું, ચિંતન પૈસાની માયાજાળમાં ફસાયેલું હતું, તેથી આવી હાલત થઈ.

ભાગવતમાં એક શ્લોક છે. તે તે પંચદશાનર્થાઃ । જ્યાં પૈસો વધે છે, ત્યાં આ પંદર અનર્થ થાય છે, એમ એક-બે-ત્રણ કરીને પૂરા પંદર અનર્થ ગણાવ્યા છે. એ શ્લોક તો અત્યારે આખો સમજાવવા નથી બેસતો પણ તેનો અંતિમ ભાગ છે, भेदो वैरम् अविश्वासः संस्पर्धा व्यसनानि च । ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા અને વ્યસન વધે છે. આ રીતે પૈસાની સાથે આવનારા કુલ પંદર અનર્થ ભાગવતમાં ગણાવ્યા છે. આ સંશોધન ભારતમાં થઈ ચૂક્યું છે. લક્ષ્મી તો ખૂબ વધારો. જે કાંઈ શ્રમથી ઉત્પન્ન થાય છે, તેનું નામ છે લક્ષ્મી. પૈસો તો "મની" છે, કાગળ છે, તેનો લક્ષ્મી સાથે કોઈ સંબંધ નથી. લક્ષ્મી વધવાને બદલે પૈસો વધતો હોય, તો શું શું અનર્થ થાય છે, તેનું સંશોધન આપણે ત્યાં થઈ ચૂક્યું છે. તેનું વર્ગીકરણ થઈ ચૂક્યું છે, અને અનર્થોની ગણતરીયે થઈ ચૂકી છે. હવે તેનું વધુ વિવરણ કરવું હોય તો કરી લો કે ક્યાં ક્યાં વ્યસન વધે છે, કેમ વધે છે વગેરે. એટલે વેદમાં કહ્યું, अन्नं बहु कुर्वीत् । અન્ન બહુ ઉગાડો. એટલે સુધી કહ્યું કે—तद व्रतम् । તેનું વ્રત લો ! પરંતુ આપણે તો જીવન-ધોરણ એટલે કે પૈસો વધારવા પાછળ પડ્યા ! તેને લીધે આ હાલત થઈ છે.

ગાંધીજી ગયા પછી આ વાત મારા મનમાં એકદમ પાકી થતી ગઈ. પવનારમાં મેં કાંચનમુક્તિનો પ્રયોગ કર્યો. આપણા સમાજનું ઉત્થાન કરવું હોય, તો તેને પૈસાની ચુંગાલમાંથી છોડાવવો જોઈએ અને અનાજની ભાષામાં વિચારવું જોઈએ, અને હિંદુસ્તાને અનાજની બાબતમાં સ્વાવલંબી થવું જોઈએ. તે વખતે હું કહ્યા કરતો કે દેશમાં ગમે ત્યારે બે વરસ પૂરતું અનાજ તો ભરેલું હોવું જ

જોઈએ. પંડિત નેહરુએ પણ પ્રતિજ્ઞા કરેલી કે અનાજ બાબતમાં પાંચ વરસમાં દેશને પગભર કરી દઈશું. દેશની પહેલી પંચવાર્ષિક યોજનાનો મુસદ્દો દેશ સમક્ષ આવ્યો. તેની મેં સજ્જડ ટીકા કરી. મેં ત્યાં સુધી કહ્યું કે જે યોજના દેશને અન્ન બાબતમાં સ્વાવલંબી ન બનાવતી હોય અને દરેક માણસને કામ આપવાની જવાબદારી ન ઉઠાવતી હોય, તે યોજના કચરાની ટોપલીમાં નાખી દેવા જેવી છે. આ વાત પંડિત નેહરુના કાને પહોંચી. એમણે એક ભાઈને મારી પાસે મોકલ્યા. એમણે વાતવાતમાં પૂછ્યું કે અનાજની બાબતમાં જો પાંચ વર્ષમાં સ્વાવલંબન ન સાધી શકાય તો શું કરવું ? મેં કહ્યું કે, એમ થાય તો પંડિત નેહરુએ તુરત જ રાજીનામું આપી દેવું જોઈએ. પંડિતજીએ આ જાણ્યું હશે. એમણે મને દિલ્હી બોલાવ્યો કે અહીં આવીને પ્લાનિંગ કમિશનવાળાઓ સાથે રૂબરૂ ચર્ચા કરી જાવ. હું મારી પોતાની રીતે પગપાળા દિલ્હી ગયો. અગિયાર દિવસ ત્યાં રહ્યો. પ્લાનિંગ કમિશનના લોકો સાથે વાતચીત કરી. તેમાં પણ એક મુદ્દો મેં આ અન્ન-સ્વાવલંબનનો રજૂ કર્યો હતો.

મને પૂછવામાં આવ્યું કે તમે તો એક દુનિયામાં માનનારા છો, તો પછી બધી વસ્તુ બધી જગ્યાએ પેદા થાય જ એવો આગ્રહ શા માટે રાખો છો ? જ્યાં જે ચીજ ઉપજાવવાની સગવડ હોય, ત્યાં તે ચીજનું ઉત્પાદન કરીએ તો એકંદરે ઉત્પાદન વધે. મેં કહ્યું કે આખા વિશ્વને એક માનું છું, છતાં પણ પાયાની જરૂરિયાતો પરત્વે પરાવલંબી રહેવાનું મને જરીકે પસંદ નથી. અને તેમાંયે અન્નની બાબતમાં તો હરગિજ પરાવલંબી ન રહેવાય. અન્ન-સ્વાવ-

લંબનને પ્લાનિંગમાં સૌથી પહેલું સ્થાન મળવું જોઈએ. નહીં તો દેશને માટે ખતરો છે.

આ વાત મેં અત્યંત ભારપૂર્વક દેશનું પ્લાનિંગ કરનારાઓને ઠેઠ ૧૯૫૧માં કહી હતી. પણ ત્યારે તો એ લોકોએ મારું નહોતું સાંભળ્યું. પરંતુ ત્યાર બાદ ૧૪ વરસ પછી પ્લાનિંગ કમિશનના અશોક મહેતાએ જાહેર કર્યું કે યુદ્ધની પરિસ્થિતિમાં પરદેશથી અનાજ આવવાની ખાતરી નથી, તેથી અનાજની બાબતમાં દેશે જલદીમાં જલદી સ્વાવલંબી થઈ જવું જોઈએ. આ સાંભળીને મને બહુ ખુશી થઈ કે ચાલો, ૧૪ વર્ષેયે એક વાત સમજાઈ જતી હોય તો સારું છે.

પરંતુ દેશના પ્લાનિંગની બાબતમાં તો હજીયે ઊંડાણથી વિચારવું જોઈએ. આ બધી ચર્ચા ચાલતી હતી તે અરસામાં જ એક વાર મેં છાપાંમાં વાચ્યું કે મિલોમાં ચોખાનું પૉલિશિંગ થાય છે, તેમાં તેનું પોષક-તત્ત્વ લગભગ ૧૧ થી ૧૪ ટકા જેટલું ઓછું થઈ જાય છે, એટલે મિલવાળાઓને સરકાર કહી રહી છે કે ચોખાને બહુ પૉલિશ ન કરો. ખબર નથી કે મિલો શું કરશે? પણ આ સમાચાર વાંચીને હું ભારે વિચારમાં પડી ગયો. અનેક ભાવો મનમાં ઊઠ્યા. મારી સમજમાં જ નહોતું આવતું કે હાથે છડેલા ચોખા કેમ ન વપરાય અને મિલો એકદમ બંધ કેમ ન કરી દેવાય? એમ ન થવાનું કારણ શું છે, સિવાય કે મિલવાળાઓ આજે લોકસભામાં બેઠા છે, અને લોકો એવા મૂરખ બન્યા છે કે પૉલિશ કરેલા સફેદ ચોખા જ એમને સારા લાગે છે. કહે છે કે પૉલિશ કરેલા ચોખા વધુ દિવસ ટકે છે. એ બરાબર જ છે, કેમ

કે તેમાં પોષકતત્ત્વ એટલું ઓછું હોય છે કે તેને કીડા પણ ખાવા નથી માગતા! પરંતુ પોષકતત્ત્વ નીકળી જવાથી તે પચવામાંયે ભારે થઈ જાય છે. હાથે છડેલા ચોખામાં માત્ર એક ટકો પોષક-તત્ત્વ નીકળી જશે અને તે ચોખા પચવામાંયે હલકા છે. મેં બેઉ જાતના ચોખા વાપર્યા છે, અને ખેડૂતોએ હાથે છડેલા ચોખા વધુ પસંદ કર્યા; કારણ કે એમનું કહેવું એમ છે કે તે ખાવાથી પેટમાં શાંતિ રહે છે અને તાકાત અનુભવાય છે. પૉલિશ કર્યા વિનાના ચોખા રાંધવામાં થોડી વધુ વાર લાગે છે, પણ જો વરાળ પર રાંધવામાં આવે તો એકદમ મુલાયમ માખણ જેવા બને છે. મેં રાંધીને ખવડાવ્યા છે, અને લોકોએ તેને બહુ પસંદ કર્યા છે.

ખેર, મારી વાત તો એ હતી કે દેશમાં જ્યારે ૧૦ ટકા અનાજની અછત હોય, ત્યારે ચોખાને પૉલિશ કરીને તેની ૧૪ ટકા તાકાત ઓછી કરી નાખીએ, તો તે એક મોટો ગુનો જ માનવો જોઈએ. સરકાર તરફથી જાહેર થવું જોઈએ કે આ દેશદ્રોહ છે. ચોખાને મિલોમાં પૉલિશ કરવા એનો અર્થ એ કે ૧૪ ટકા અનાજ ફેંકી દેવું. એક બાજુ ૧૦ ટકા અનાજની અછતની બુમરાણ મચાવવી, અને બીજી બાજુ ૧૪ ટકા પોષક-શક્તિ આમ વેડફી નાખવી, તે કેમ ચાલે? દેશનું પ્લાનિંગ કરવા બેઠેલાઓ આ તરફ ધ્યાન ન આપે?

આવી જ એક બીજી વાત લઈએ. પૈસાની માયાજાળને લીધે લોકો અનાજને બદલે રોકડિયા પાકો ઉગાડવા પાછળ પડ્યા છે. સરકાર પણ એમને તેમ કરવામાં પ્રોત્સાહન આપે છે. તમાકુ ઉગાડો, રોકડિયા પાક ઉગાડો, અન્ન

ઓછું પાકે તેનો વાંધો નહીં. રોકડિયા પાક કરી-કરીને પૈસા કમાઓ, ડોલર કમાઓ! આવું અર્થશાસ્ત્ર; કે ખરું જોતાં અનર્થશાસ્ત્ર આજે ચાલ્યું છે! પ્લાનિંગ કમિશન પણ તેમાં ફસાયેલું છે. તે વખતના પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન પ્રફુલ્લ સેને તો ત્યારે સ્પષ્ટ કહેલું કે બંગાળમાં ચોખાની અછતનું કારણ કેન્દ્ર સરકારની શણ વધુ ઉત્પન્ન કરવાની નીતિ છે. સરકાર એની પાછળ પડેલી કે શણ વધુ ને વધુ પેદા કરવું અને શણની મિલો વધારવી. તેનાથી આપણને ડોલર મળશે. એક બાજુ દેશમાં અનાજની અછત હોય, અને બીજી બાજુ આ રીતે ડોલરની લ્હાયમાં અનાજના ઉત્પાદન હેઠળની જમીન ઓછી કરવામાં આવતી હોય, એ તે કેવું પ્લાનિંગ? અરે, ડોલરની લ્હાયમાં તો ખાવાખીવાની ચીજોનીયે નિકાસ કરી દેવામાં આવે છે!

મને ઘણા આવીને કહેતા કે તમારે આયોજન કરનારાઓ સાથે વાત કરવી જોઈએ. વાત તો મેં કરેલી જ ને ૧૯૫૧માં! પણ મેં જોયું કે દિલ્હીનાં દિમાગ ઊલટી દિશામાં જ ચાલી રહ્યાં છે. તેથી મેં દેહાતની વાટ પકડી અને જે સરકારનીયે સરકાર છે, એ જનતાને સમજાવવા માંડી. આખરે તો લોકો પણ પૈસાની માયાજાળમાં ફસાયેલા છે અને બીજા દેશોની નકલ કરીને ઝટ ઝટ વિકાસ કરી નાખવા પાછળ દોડે છે. અનાજની બાબતમાંયે જોઈએ તો સરકાર અને જનતા બંનેના મનમાં મોટા મોટા બંધો બાંધવાનું જ આવે છે. ખરું જોતાં આપણા જેવા દેશમાં નાની નાની સિંચાઈ યોજનાઓ પર ધ્યાન અપાવું જોઈએ. દરેક એકરમાં એક એક કૂવો હોવો જોઈએ. કૂવા વગરનું

ખેતર એકેય ન હોય. મેં તો કૂપદાનની યોજના મૂકેલી. લગ્ન વખતે દીકરીને કૂવો બનાવી આપે. આમ, જનતાને અને સરકારને બંનેને સાચી દિશામાં વિચારવાની કેળવણી આપવાની છે.

ટૂંકમાં, દેશના પ્લાનિંગ અંગે મારું પહેલું તહોમતનામું એ છે કે સ્વાવલંબન ઉપર ધ્યાન નથી અપાયું. મારું ભારપૂર્વક એમ કહેવું છે કે જીવનની પાયાની જરૂરિયાતો બાબતમાં સ્વાવલંબી થવું જ જોઈએ. તેના વિના કદાપિ કોઈ પ્લાનિંગ થઈ જ શકે નહીં. અને અન્નની વાત તો મેં એક પ્રતીક રૂપે કરી. માણસની પાયાની જરૂરિયાતોમાં હું સાત વસ્તુ માનું છું: ૧–અનાજ, ૨–વસ્ત્ર, ૩–ઘર, ૪–ઓજાર, ૫–આરોગ્ય, ૬–કેળવણી અને ૭–મનોરંજનનાં સાધનો. આટલી પાયાની જરૂરિયાતો બાબત સ્વાવલંબન સધાય, ગામેગામ તેની પર્યાપ્ત વ્યવસ્થા થાય, તે પછી બીજી બાબતોમાં ભલે તમારે જે રીતે વિચારવું હોય તે રીતે વિચારજો. દેશના પ્લાનિંગમાં જો આવા સપ્ત-સ્વાવલંબનની વાત ન હોય, તો હું તેને પ્લાનિંગ જ નહીં કહું.

## ૨

સરકાર ઉપરનું અને સરકારના પ્લાનિંગ અંગેનું મારું બીજું તહોમતનામું એ છે કે શિક્ષણનો ઢાંચો નવેસરથી નક્કી ન કર્યો અને આટલાં વરસ ગુલામીકાળની એની એ શિક્ષણપદ્ધતિ ચાલવા દીધી. ૧૮ વરસ પછી (૧૯૬૫માં) હવે સરકાર કંઈક જાગી છે. શિક્ષણનો ઢાંચો કેવો હોવો જોઈએ, તે અંગે વિચારવા સરકારે એક સમિતિ નીમી છે. તેનો અહેવાલ આવશે ત્યાં સુધીમાં બીજાં બે વરસ નીકળી જશે. આનો અર્થ એ કે આખી એક પેઢી જૂની શિક્ષણ-પદ્ધતિમાં ગઈ. ભારત આઝાદ બન્યું, પણ આઝાદ ભારતમાં એની એ ગુલામીકાળની શિક્ષણપદ્ધતિ આટલાં બધાં વરસ સુધી રહી. આટલાં વરસ સુધી આઝાદ ભારતનો શિક્ષણનો ઢાંચો કેવો હોવો જોઈએ, એ નક્કી ન થયું! શિક્ષણમાંની આ વિસંગતિને કારણે અનેક સમસ્યાઓ ઊભી થઈ અને દેશના જીવનમાં ભારે અસંતોષ પેદા થયો.

૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે દેશ આઝાદ થયો. ત્યારે હું વર્ધા નજીક પવનારમાં રહેતો હતો. સ્વરાજ્યની ઉજવણી નિમિત્તે વર્ધામાં સભા રાખેલી. મેં તે સભામાં પૂછ્યું કે જુઓ ભાઈ, સ્વરાજ્ય મળી ગયું; તો હવે આ નવા રાજ્યમાં પુરાણો ઝંડો એક દિવસ પણ ચાલશે કે? લોકો કહે, હરગિજ નહીં ચાલે. મેં કહ્યું, જેમ નવું રાજ્ય તો ઝંડો નવો, તે જ રીતે નવા રાજ્યમાં શિક્ષણ પણ નવું. જેમ ૧૫ ઑગસ્ટે આઝાદ થતાંવેંત ઇંગ્લંડનો યુનિયન જેક નીચે ઉતારી નખાયો અને આપણો ત્રિરંગી ઝંડો ચઢાવાયો, તેમ જૂની શિક્ષણપદ્ધતિ કાઢીને તત્કાળ તેની જગ્યાએ નવી

શિક્ષણપદ્ધતિ શરૂ કરવી જોઈએ. આઝાદ થયા પછીયે જો જૂની ઢબનું જ શિક્ષણ ચાલ્યા કરે, તો એમ સમજવું કે રાજ્યનું નવાપણું ઉપર-ઉપરનું છે, હજી જૂના રાજ્યનું જ એકસ્ટેંશન ચાલી રહ્યું છે.

જો મારા હાથમાં રાજ્ય હોત તો હું બધા વિદ્યાર્થીઓને ત્રણ મહિનાની છુટ્ટી આપી દેત અને કહેત કે ખેલો, કૂદો, થોડા મજબૂત બનો, થોડું કાંઈક કામ કરો, સ્વરાજ્યનો આનંદ માણો. ત્યાં સુધીમાં શિક્ષણશાસ્ત્રીઓનું સંમેલન મળશે અને ત્રણ મહિનામાં શિક્ષણનું નવું માળખું તૈયાર કરી દેશે. મારું જો ચાલત તો હું આમ કરત. દોષપૂર્ણ શિક્ષણપદ્ધતિ ચાલુ રાખવાથી જેટલી હાનિ પહોંચે તેટલી હાનિ તમામ શાળા-કોલેજોમાં છુટ્ટી આપી દેવાથી ન પહોંચત. પણ તેને બદલે આટલી પંચવાર્ષિક યોજનાઓ ચાલી, પણ શિક્ષણનું માળખું એનું એ જૂનું-પુરાણું રહ્યું.

લોકો મને કહે છે કે આજકાલ વિદ્યાર્થીઓ તદ્દન ઉદ્ધત અને ઉદ્દંડ બની ગયા છે. નવી પેઢીમાં ભોગવૃત્તિ, ગેરશિસ્ત વગેરે વધતાં જાય છે. હવે, અંગ્રેજીમાં એક અલંકાર છે. તેને Tranferred Epithet કહે છે. તેમાં એકને લાગુ પડતું વિશેષણ બીજાને માથે ચઢાવી દેવામાં આવે છે. શિક્ષણની પદ્ધતિ છેક જ રદ્દી છે. એને જે ગાળ દેવી છે, એ નાહકના વિદ્યાર્થીઓને દે છે! આજે જે કાંઈ ચાલી રહ્યું છે, તેને માટે હું જુવાન પેઢીને ગુનેગાર માનતો નથી. ગુનેગાર તો આજનું શિક્ષણ છે. આટલાં વરસોમાં આપણે શક્ય તેટલી ખરાબમાં ખરાબ કેળવણી આપી છે. આ તો બધાં કેળવણીનાં ફળ છે. મને તો આશ્ચર્ય એ થાય છે કે

આટલી કચરાપટી કેળવણી છતાં જુવાનો આટલા શાંત કેવી રીતે રહે છે!

શિક્ષણની બાબતમાં જેટલી ભૂલો આપણે કરી શકતા હતા, તેટલી આપણે કરી છે. એક પણ ભૂલ કરવાની બાકી નથી રાખી. આજની શિક્ષણપદ્ધતિ એવી છે કે શિક્ષણ લેતાં-લેતાં દસ-પંદર વરસની અંદર વિદ્યાર્થીનો બધો જ અધ્યયન-રસ સાવ સુકાઈ જાય છે. તેની પ્રેરણા-શક્તિ ક્ષીણ થાય છે. આજે એમ જોવા મળે છે કે વિદ્યાર્થીઓની શારીરિક શક્તિ અને માનસિક શક્તિ જીર્ણ થઈ છે. બુદ્ધિની કેટલીક શક્તિઓનો વિકાસ જ થયો નથી, પ્રાણહીનતા આવી છે. આત્માનું ભાન નહીં, પોતાની ઇન્દ્રિયો પર કાબૂ નહીં. આ તે કેવું શિક્ષણ! આવું આ શિક્ષણ અમારે ન જોઈએ, એવી એકી અવાજે માગણી થવી જોઈએ.

આજના શિક્ષણમાં ફેરફાર કરવો જ પડશે. આજના શિક્ષણમાં એવું કશું નથી કે જેથી વિદ્યાર્થીઓનાં શરીર ખડતલ બને અને ટાઢ, તાપ, વરસાદ ખમી શકે. વળી, તેમાં કોઈ હાથ-કારીગરી પણ શિખવાતી નથી તેમ જ આત્મિક શક્તિ વધે તેવું પણ કશું એમાં નથી. આમ, કારીગરનું શિક્ષણ, શારીરિક શિક્ષણ, આત્મિક કેળવણી—આ ત્રણેયનો આજે અભાવ છે. આને હું આજના શિક્ષણનો ત્રિદોષ કહું છું. ત્રિદોષ એ એક ભયંકર બીમારી છે. તેમાંથી માણસ ભાગ્યે જ બચે છે.

ઉપરાંત, આજના શિક્ષણમાં માતૃભાષાનું ઉત્તમ જ્ઞાન અપાતું નથી. સંસ્કૃતની પણ ઘોર ઉપેક્ષા થઈ રહી છે. ધર્મ-નિરપેક્ષ રાજ્યને નામે આધ્યાત્મિક ગ્રંથો ભણાવાતા નથી. અને કહે છે, સેક્યુલર સ્ટેટ. એટલે તેમાં રામાયણ ન

શીખવી શકાય, બાઇબલ ન શીખવી શકાય, કુરાન ન શીખવી શકાય. પરંતુ તુલસીદાસ જેવા સાહિત્યકાર થઈ ગયા. એમની આગળ કશું ચાલતું નથી. એટલે એમના રામાયણમાંથી બે-ચાર ટુકડા લઈને પાઠ્યપુસ્તકમાં શામિલ કરી દેવાય છે ! સાહિત્ય તરીકે રામાયણનો કોઈ " પીસ " લઈ શકાય. આવા પીસ-પીસ લઈને તે કંઈ અધ્યાત્મ બનશે ? મહારાષ્ટ્રમાં " જ્ઞાનેશ્વરી " ન શીખવી શકાય ! આપણું જે સર્વોત્તમ સાહિત્ય છે, તે બધું ત્યાજ્ય થઈ જાય છે, કારણ કે એ સેક્યુલરિઝમ– ધર્મ-નિરપેક્ષતામાં બેસતું નથી. પરંતુ ધર્મ-નિરપેક્ષતાનો આ સાવ ખોટો ખ્યાલ છે. ખરું જોતાં, ભારતમાં જે સર્વોત્તમ અધ્યાત્મવિદ્યા છે તેનું અધ્યયન અધ્યાપન શાળાઓમાં થવું જોઈએ. અને તેની સાથોસાથ અદ્યતન વિજ્ઞાનનું અધ્યયન પણ થવું જોઈએ. આ બધા પ્રાચીન ગ્રંથોએ લોકોમાં ધર્મનિષ્ઠા, નીતિનિષ્ઠા જાળવી છે. એ ગ્રંથોને સારવી લેવા જોઈએ અને એ શાળાઓમાં શીખવવા જોઈએ.

આજે ચિંતનશીલતા અને અધ્યયનશીલતાનો અભાવ ઊભો થઈ રહ્યો છે. આજે કૉલેજો ઘણી થઈ છે, પણ વિદ્યાર્થીઓ ઓછા થયા છે, માત્ર પરીક્ષાર્થીઓ વધ્યા છે. તેઓ વિદ્યા મેળવવા નથી માગતા, પરીક્ષા પાસ કરવા માગે છે. પરીક્ષાનાં પેપર આપે એટલે જાણે જુલાબ જ લઈ લીધો. એ જ છોકરાની એ વિષયમાં ફરી વાર પંદર દિવસ પછી પરીક્ષા લે, તો એ નાપાસ થશે; કેમ કે એણે તો પરીક્ષાના દિવસ પૂરતી જ બધી તૈયારી કરી હોય છે, અને પેપર લખી નાખ્યાં એટલે પેટ સાફ થઈ ગયું ! પરીક્ષા એટલે જ્ઞાનનો જુલાબ !

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું છે, "પ્રથમ સામરવ તવ તપોવને." ભારતમાં અત્યંત પ્રાચીન કાળથી અધ્યયન-શીલતાની પરંપરા ઊતરી આવી છે. વિદ્યાધ્યયન પૂરું કર્યા પછી સ્નાતક સ્નાન કર્યા પછી મંત્ર બોલે છે કે ચારેય દિશાઓ મારી સામે ઝૂકશે. એ વિદ્યાર્થી પુરુષાર્થી હોય છે, અશિષ્ઠો, દૃઢિષ્ઠો બલિષ્ઠઃ હોય છે. અર્થાત્ આશાવાન, દૃઢ-નિશ્ચયી અને બળવાન હોય છે. આજનો વિદ્યાર્થી તો શિક્ષણ પૂરું કરીને બહાર પડે છે ત્યારે એનામાં કશી શક્તિ જ નથી હોતી. એને જે શિક્ષણ મળ્યું હોય છે, તેમાં ક્યાંય આશા કે પુરુષાર્થ માટે ગુંજાશ જ નથી હોતી, ફક્ત નોકરીને માટે અરજી કરવાની અને ફાંફાં મારવાની ત્રેવડ રહે તો રહે છે.

આ શિક્ષણપદ્ધતિ જ એવી છે કે શિક્ષણ લીધા પછી શું, એનો એમાં ઉત્તર મળતો નથી. કૉમર્સની કૉલેજમાં ભણે પણ વ્યાપાર કરતાં ન આવડે. હું તો બી.કૉમ. થયેલાને બે 'બેકામ' થયા એમ જ કહું છું. એવી જ રીતે ખેતીવાડીની કૉલેજમાં ભણે પણ ઘેર જઈને દસ એકર જમીનમાંથી સારો પાક ઉતારશે અને સારો દાખલો બેસાડશે એવી આશા ન રાખી શકાય. જો નોકરી મળતી હોય તો ખેતીનું કામ કરવા માટે કોઈ તૈયાર ન થાય. આવી રીતે શિક્ષણને ગામની અવસ્થા કે પરિસ્થિતિ સાથે કશો સંબંધ નથી. ખેતીની કૉલેજમાં મેટ્રિક પાસને જ દાખલ કરે છે. એટલે કે જે વિદ્યાર્થી ટાઢ-તાપ સહન કરી શકે તેવો ન રહ્યો હોય એમ પાકી ખાતરી થઈ ગઈ તેને જ ખેતીની કૉલેજમાં દાખલ કરે છે. ખેડૂતના દીકરાને તેમાં દાખલ નથી કરતા. એનો બિચારાનો વાંક એ કે એની મા અંગ્રેજ

નહોતી એટલે તેને અંગ્રેજી નથી આવડતું! પછી પેલો ખેતીનો સ્નાતક થાય અને સારો ખેડૂત થવાને બદલે નોકરી શોધવા નીકળે, તેમાં એનો પણ શો દોષ? એને શિક્ષણ જ એવું મળ્યું છે કે એ નોકરી સિવાય બીજું કશું કરી શકે તેવો નથી રહેતો. આવું નકામું શિક્ષણ જ્યાં સુધી ચાલશે, ત્યાં સુધી દેશનો દિ' વળવાનો નથી. આજે તો શાળા-કોલેજો જાણે બેકારી-ઉત્પાદનનાં કારખાનાં બની ગઈ છે. તેમાંથી ઊલટા નવા બેકારો જ પાકે છે.

અને છતાં આવી આ શિક્ષણપ્રથાનો કેવડો મોટો બોજ આખો દેશ ઉપાડી રહ્યો છે! આપણી સંસ્કૃતિ એવી હતી કે જેમ વધારે જ્ઞાની, તેમ વધારે ત્યાગી, વધારે વધારે નમ્ર. પરંતુ આજે તો જેમ વધારે ભણ્યો તેમ વધારે પગાર માગે અને ઓછામાં ઓછું કામ કરવા ઇચ્છે.

અગાઉ એક દિવસ પણ વેદાધ્યયન રહી જાય તો એ વ્રતભંગ ગણાતો. પરંતુ આજે તો ચર્ચા ચાલે છે કે પ્રાધ્યાપકોના અઠવાડિયાના કામના કલાક ૧૮ રાખવા કે ૨૪? વરસના ૩૬૫ દિવસમાંથી રજાઓ જતાં ૨૦૦ તો થયા જ છે, અને હવે દિવસ ૨૪ કલાકમાંથી ૨ા–૩ કલાકનો થઈ ગયો! આ બધું શું છે? આ તે શિક્ષણ કહેવાય?

કોઈ છોકરાને ભણાવ્યો, છતાં જો તેને મજૂરીનું કે શ્રમનું કામ કરવું પડે તો બધાને અફસોસ થાય કે અરેરે, ભણાવ્યો છતાં તેને હજી આવું કામ કરવું પડે છે? શિક્ષિત થવું એટલે શ્રમમાંથી છૂટવું, એવી જ વ્યાખ્યા થઈ ગઈ છે! જે પરિશ્રમ કરે છે તેને બીજા લોકો પણ હીન માને છે અને તે પોતે પણ પોતાને હીન માને છે. લોકો ખાવાનું પચાવવા કસરત કરશે, પણ મહેનતને હરામ માનશે. એટલું જ

નહીં, મહેનત કરનારને હલકો માનશે અને તેને ઓછો પગાર અપાશે, જ્યારે મહેનત કરવાનું ટાળનાર મોટો ગણાશે અને તેને વધારે પગાર અપાશે. આજની ખોટી શિક્ષણ-પદ્ધતિને કારણે આવું માનસ પોષાયું છે.

હું તો આને રાહુ-કેતુનો સમાજ કહું છું. આજે સમાજમાં કેટલાક માત્ર માથાનું કામ કરે છે અને કેટલાક માત્ર હાથપગનું. ખરું જોતાં ભગવાને તો દરેક જણને એક માથું અને બે હાથ આપ્યાં છે. જો ભગવાનની એવી ઇચ્છા હોત કે થોડા જણ કેવળ મગજમારીનું જ કામ કરે અને બાકીના હાથપગથી કામ કરે, તો એ થોડાને કેવળ માથાં અને બાકીનાંને કેવળ ધડ આપત. થોડાને રાહુ (માથું) બનાવત અને બાકીનાંને કેતુ (ધડ) બનાવત! પરંતુ આપણા શિક્ષણે એવું જ કર્યું છે. કેટલાકને રાહુ બનાવી દીધા છે અને કેટલાકને કેતુ. મિલમાં, કચેરીઓમાં કેટલાક "હેન્ડ્સ" (હાથ—મજૂરો) હોય છે અને થોડાક "હેડ્સ" (માથું—ઉપરી) હોય છે. કચેરીના ઝાડુવાળાને આપણે "હેડ" નથી માનતા, "હેન્ડ" માનીએ છીએ. વરસો સુધી એ વિદ્વાનો વચ્ચે કામ કરતો રહેશે, પણ કોઈ વિદ્વાન એને ભણાવશે નહીં. કોઈને એને જ્ઞાન આપવાનું મન જ નથી થતું. ઊલટું, એ "હેન્ડ" જ રહે એવું બધા ઇચ્છે છે; કેમ કે જો એ ભણેગણે તો ઝાડુ કોણ મારે? પાકિસ્તાન-વાળાઓએ બીજા બધા હિંદુઓને ભગાડ્યા, પણ ભંગી-ઓને "ઇસેન્શિયલ સર્વિસ" (જરૂરી સેવકો) કહીને ન આવવા દીધા!

આપણા શિક્ષણે આવા રાહુ-કેતુના સમાજને જ પોષ્યો છે. ગાંધીજીની નઈ તાલીમની વાતની ઉપેક્ષા થઈ. હા,

આપણે નહીં પણ ચીને ગાંધીજીની વાત સાંભળી. ચીને પોતાને ત્યાં "હાફહાફ સ્કૂલ" ચલાવી. અડધો વખત શારીરિક શ્રમ અને અડધો વખત બૌદ્ધિક શિક્ષણ. એક આંટી સૂતર કાંતી લીધું ને પત્યું એમ નહીં. પણ ત્રણ કલાક ખેતી કે ઉદ્યોગ અને ત્રણ કલાક બીજું શિક્ષણ. ઉપરવાળા ને નીચેવાળા તમામને સમાન શિક્ષણ. જ્ઞાન અને કર્મનો સંયોગ. ચીને "બેક ટુ વિલેજીસ" (ગામડાં તરફ પાછા વળો)ની વાત પણ ઉપાડી. પરંતુ આપણી ગાડી તો ખોટે પાટે જ ચઢી ગઈ. એટલે પછી શિક્ષણ પોતે આપણા માટે એક સમસ્યા રૂપ બની બેઠું. આજે આપણે ત્યાં સમસ્યા એ છે કે શિક્ષણ વધે છે તો સાથે સાથે બેકારીયે વધે છે. માટે તમારે જ્ઞાન અને કર્મનો સમન્વય કરવો જ પડશે.

નઈ તાલીમનો આ સીધો-સાદો વિચાર છે કે જ્ઞાન અને કર્મનો જીવનમાં સમન્વય થવો જોઈએ. વિદ્યાલયમાં ખેતરનું વાતાવરણ અને ખેતરમાં વિદ્યાલયનું વાતાવરણ હોય. શ્રમમાં જ્ઞાન અને જ્ઞાનમાં શ્રમ તાણાવાણાની જેમ ઓતપ્રોત હોવાં જોઈએ. એમ થશે તો જ જીવન સમૃદ્ધ બનશે. બધાને જ્ઞાન મળવું જોઈએ. બધા વિદ્વાન બને. પણ કેવા? ભગવાન કૃષ્ણ જેવા. એમણે ગીતા પ્રબોધી. એટલા બધા એ જ્ઞાની હતા, છતાં સારથી બન્યા. ઘોડાને ખરેરો કર્યો. બચપણમાં એણે ગાયોની સેવા કરી. ગુરુને ત્યાં ભણવા ગયો ત્યાં જંગલમાં જઈ લાકડાં ચીરી આવતો. એ રાજાનો છોકરો છે એટલે એને કોઈ ખાસ તાલીમ અપાઈ એમ નહીં. કૃષ્ણ અને સુદામા બંનેને એક સાથે ગુરુ સાંદિપનીને ત્યાં તાલીમ મળી. યુધિષ્ઠિરના યજ્ઞમાં

એણે પોતાને લાયક કામ શોધી લીધું. એઠાં પતરાળાં ઉપાડ્યાં. આવા એ મહાન જ્ઞાની અને મહાન સેવક હતા.

પરંતુ આજે તો શરીરશ્રમને સામાજિક પ્રતિષ્ઠાયે નથી અને તેનું આર્થિક મૂલ્ય પણ ઓછું અંકાય છે. બૌદ્ધિક પરિશ્રમ જેટલું મૂલ્ય શારીરિક પરિશ્રમનું અંકાતું નથી. જ્યાં સુધી શરીરશ્રમનું આર્થિક મૂલ્ય બૌદ્ધિક પરિશ્રમ કરતાં ઓછું રહેશે, ત્યાં સુધી ખરી નઈ તાલીમ આવી નહીં ગણાય. અથવા તો, ત્યાં સુધી નઈ તાલીમ એ માત્ર શિક્ષણપદ્ધતિ તરીકે જ રહેશે, જીવનપદ્ધતિ નહીં બને.

આમ, કેટકેટલી બાજુનો વિચાર કરીને શિક્ષણનું માળખું ગોઠવવાનું હોય છે! રાષ્ટ્રના ઘડતરમાં કેળવણીનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે નવાં મૂલ્યો સ્થાપવામાં પોલીસ કે મિલિટરી કામમાં નથી આવતી, શિક્ષકો કામમાં આવે છે, કેળવણી કામમાં આવે છે. પરંતુ આપણે ત્યાં તો શિક્ષણ તરફ કશું ધ્યાન જ અપાયું નહીં. એનું એ ગુલામીકાળનું શિક્ષણ ચાલુ રાખ્યું. સરકાર સામે મારું આ તહોમતનામું છે.

ખરું જોતાં તો શિક્ષણનું કામ સરકારે પોતાના હાથમાં રાખ્યું છે, એ જ સૌથી મોટી ભૂલ છે. આપણા દેશમાં શિક્ષણ કદી પણ સરકારના હાથમાં ન હતું. તે વખતમાં કોઈ રાજાની મજાલ હતી કે કોઈ ઋષિના આશ્રમમાં જઈને હુકમ કરે કે આમ આમ શીખવો? રાજા તો ઊલટા આશ્રમમાં જ્ઞાન મેળવવા જતો. દુષ્યંત શિકાર કરતો કરતો કણ્વ મુનિના આશ્રમ પાસે પહોંચ્યો, અને તીર તાક્યું. ત્યાં એક નાના છોકરાએ બૂમ પાડી, आश्रममृगोऽयं न हंतव्यो न हंतव्यः— આ તો આશ્રમનો મૃગ છે, એને ન મરાય,

ન મરાય. આ છે ભારતની સંસ્કૃતિ, જ્યાં એક નાનું છોકરું પણ રાજાને અટકાવીને ઊભું રહેવાની હિંમત ધરાવે છે. એ હાલત પાછી લાવવી છે. માટે કેળવણી કદાપિ સરકારના હાથમાં ન હોવી જોઈએ.

તેને બદલે આજે તો કેટલી બધી સત્તા સરકારના, એટલે કે શિક્ષણખાતાના હાથમાં સોંપી દીધી છે ! આજે તો શિક્ષણાધિકારીના હાથમાં એટલી બધી સત્તા આપી દેવાઈ છે જેટલી કદી કોઈ કાળેય કબીર, તુલસી, શંકર કે રામાનુજના હાથમાંયે નહોતી ! એ જે નક્કી કરશે, તે જ પાઠચપુસ્તક રાજ્યભરમાં ભણાવી શકાશે. એ જ પરીક્ષા લેશે અને એની પરીક્ષામાં કોઈ નાપાસ થશે, તો પછી તે આગળ ભણી શકશે નહીં. આટલી બધી સત્તા એક માણસના હાથમાં સોંપી દેવાનું ઇષ્ટ નથી. શિક્ષણ સરકારી અંકુશથી બિલકુલ મુક્ત રહેવું જોઈએ. તેવી જ રીતે શિક્ષણ ઉપર ધનિકોનો પણ અંકુશ ન હોવો જોઈએ. ધનિકો જે મદદ કરવી હોય તે ભલે કરે, પણ તેમનોયે અંકુશ ન હોય. શિક્ષણ અંગેની બધી જવાબદારી જ્ઞાની પુરુષોને સોંપાવી જોઈએ.

વાસ્તવમાં, જેવી રીતે ન્યાયખાતું સરકારથી તદ્દન સ્વતંત્ર છે, તેવી રીતે શિક્ષણખાતું પણ સંપૂર્ણ સ્વતંત્ર હોય. ન્યાય-વિભાગનો બધો ખર્ચ સરકાર ઉપાડે છે, ન્યાયાધીશોને પગાર પણ સરકાર આપે છે, છતાં તેના પર સરકારનો અંકુશ નથી. ન્યાયની અદાલતો સરકારની વિરુદ્ધ પણ ફેંસલા આપે છે. તેવું જ શિક્ષણમાંયે થવું જોઈએ. તો જ શિક્ષણ પાંગરશે. શિક્ષણ માટે સરકાર પૈસા આપે, શિક્ષકોના પગાર પણ આપે, પરંતુ શિક્ષણ સંપૂર્ણપણે સરકારથી મુક્ત રહેવું



INSTITUTE OF AGRICULTURE ... Acc. No. 130375 Date..

જોઈએ. શિક્ષણ વિભાગ જો આવી રીતે સ્વતંત્ર નહીં રહે, તો તેમાં બહુ મોટો ખતરો છે.

આવી રીતે સમગ્રપણે બધો વિચાર કરીને આઝાદ હિંદુસ્તાનમાં શિક્ષણનું આખુંયે માળખું નવેસરથી ગોઠવવાની જરૂર હતી. તેમ ન થયું તેને લીધે શિક્ષણમાં અને રાષ્ટ્ર-જીવનની ઘણી વિસંગતિઓ ઊભી થઈ. દોષપૂર્ણ શિક્ષણ-પદ્ધતિને કારણે પ્રજાજીવનને પાર વિનાની હાનિ પહોંચી. સરકાર સામેનું મારું આ બીજું તહોમતનામું છે.

## ૩

સરકાર સામે અને તેના પ્લાનિંગ સામે મારું ત્રીજું તહોમતનામું એ છે કે આટલાં વરસોમાં સમાજના સૌથી નીચેના વર્ગ ઉપર ધ્યાન ન આપ્યું. આટઆટલી પંચવાર્ષિક યોજનાઓ થઈ ચૂકી, છતાં સૌથી નીચેના સ્તરના લોકોની અર્થાત્ મજૂર વગેરે વર્ગની હાલતમાં કોઈ સુધારો નથી થયો. પંચવાર્ષિક યોજનાઓ પાછળ અબજો રૂપિયા ખરચાયા, છતાં સૌથી નીચેના સ્તરના લોકોને એ યોજનાઓનો લાભ ખાસ નથી મળ્યો.

ટોચમર્યાદાનો કાયદો બનાવ્યો, પણ તેનાથી ભૂમિહીનોને કેટલી જમીન મળી? ભાખરા-નાંગલ વગેરે મોટા બંધો બંધાયા, પણ તેનાથી લાભ કોને થયો? ઊલટાની સૌથી નીચેના સ્તરના લોકો પાસે થોડી ઘણી જમીન હતી તે

પણ ઝૂંટવાઈ ગઈ! સરકાર તરફથી અપાતી બીજી પણ જાતજાતની મદદો એવા જ લોકોને મળે છે, જે લોકો પોતાની શક્તિથી સરકારની મદદો ખેંચી શકે છે. ગરીબો એ મદદ ખેંચી શકતા નથી. મોટા મોટા પહાડો જેવી રીતે મેઘને ખેંચી લે છે, તેવી જ રીતે સમાજના ઉપલા સ્તરના લોકો સરકારની મદદો ખેંચી લે છે. સહકારી મંડળીઓ થઈ, પણ ભૂમિહીનોને અને ઓછી જમીનવાળાઓને એવું નથી લાગતું કે આ આપણા લાભ માટે છે. એમને તો લાગે છે કે આ પણ એક વિકેન્દ્રિત શોષણ-યોજના થઈ.

યોજના ઘડનારાઓ સૌથી નીચેના ગરીબ લોકોને મદદ કરવા માગતા જ નહોતા, એમ હું નથી કહેતો. એમનો આશય તો હતો. પરંતુ યોજનામાં જ કંઈક ખામી છે, આયોજનની પદ્ધતિમાં જ કંઈક દોષ છે. અને આ દોષ તરફ મેં એકદમ પહેલેથી આંગળી ચીંધી હતી. ૧૯૫૧ માં પહેલવહેલી વાર પંચવાર્ષિક યોજના ઘડાઈ અને પંડિત નહેરુએ પ્લાનિંગ કમિશન સાથે ચર્ચા કરવા મને દિલ્હી બોલાવ્યો, ત્યારે મેં એમને પૂછ્યું કે તમારી આ યોજનાઓમાં સૌથી નીચેના સ્તરના લોકો માટે શું થવાનું છે? તો મને જવાબ મળ્યો કે અમે ઉત્પાદન વધારવાનું કામ કરી રહ્યા છીએ, જીવનધોરણ ઊંચું લાવવાની કોશિશ કરી રહ્યા છીએ, અને ઉત્પાદન વધશે ત્યારે નીચેના સ્તરનેય તેમાંથી કંઈક મળશે જ. આને મેં "થિયરી ઑફ પરકોલેશન" નામ દીધું. ઉપરના સ્તરે પાણી પડશે, તો થોડું પાણી ઝમી-ઝમીને નીચે પહોંચશે જ. સંપત્તિ વધશે તો તે નીચેના સ્તર સુધી પહોંચી જ જશે.

મતલબ કે દિશા જ ખોટી પકડાઈ ગઈ. સદ્ભાવના, આશય ગમે તેટલો સારો હોય, પણ જ્યાં રસ્તો જ ઊલટો લીધો હોય ત્યાં શું થાય? સૌથી પહેલાં ગરીબોને ઊંચે લાવવા યોજના ઘડવી જોઈએ તેને બદલે જુદું જ ધ્યેય નજર સામે રાખ્યું, પછી શું થાય?

એક યોજના પૂરી થઈ, બે યોજના પૂરી થઈ, ત્રણ યોજના પૂરી થઈ, છતાં સૌથી નીચેના ગરીબ લોકોની હાલત તો કંઈ સુધરી નહીં. ત્યારે મેં પ્લાનિંગ કમિશન-વાળાઓને પૂછ્યું કે સૌથી નીચેનાને બિલકુલ મિનિમમ ક્યારે મળશે? હું ઑપ્ટિમમની વાત નથી કરતો, દેહ અને આત્માને એક રાખવા સારુ જેટલું ઓછામાં ઓછું જોઈએ, તેની વાત કરું છું. છેલ્લામાં છેલ્લા સ્તરના લોકોને ઓછામાં ઓછી જીવન-જરૂરિયાતો ઉપલબ્ધ કરાવતાં કેટલો વખત લાગશે? તો પ્લાનિંગ કમિશનવાળાઓએ મને કહેલું (૧૯૬૫માં) કે તે માટે ૧૯૮૫ સુધીનો સમય તો લાગી જશે, ૧૯૮૫ થી પહેલાં તો નહીં થઈ શકે. અને પછી તો કહેવા લાગેલા કે ૧૯૮૫ સુધીમાંયે કદાચ આ નહીં થઈ શકે, બે હજારની સાલ સુધીમાં કદાચ શક્ય બનશે.

કેવી બેહૂદી વાત છે! આવું કેમ ચાલે? મેં કહ્યું, એક માણસ નદીમાં ડૂબી રહ્યો હોય, તેને કહીએ કે ભાઈ, ધીરજ રાખ; કાલે આવીને તને બચાવીશું, એના જેવું આ તો થયું! મેં પ્લાનિંગ કમિશનવાળાઓને તુકારામનું વચન પણ સંભળાવેલું કે ઉદ્ધારમાં ઉધારી કેમ ચાલે? ગરીબોને ઊંચે લાવવાનું કામ તો આજ ને આજ થવું જોઈએ.

ધારો કે ઘરમાં એક બાળક છે કે એક બીમાર છે. તો આખાયે ઘરનું ધ્યાન એ બાળક ઉપર કે એ બીમાર ઉપર સૌથી પહેલું રહેશે. એ બાળકનો સારો ઉછેર થાય તે માટે તેને વધુમાં વધુ પોષણ કેમ મળે, એ બીમારની બીમારી કેમ દૂર થાય, એ સહુની મુખ્ય ચિંતાનો વિષય બનશે. તો જેમ પરિવારમાં તેમ જ દેશના આયોજનમાં પણ થવું જોઈએ. પરંતુ પંચવાર્ષિક યોજનાઓ ઘડતી વખતે આ વાત ખ્યાલ બહાર જ રહી ગઈ. ખરું જોતાં પંચવાર્ષિક યોજનામાં સૌથી પહેલો વિચાર એ કરવો જોઈતો હતો કે આપણે ગરીબો સારુ શું કરીએ ? ખાલી ઉત્પાદન વધાર્યે શું વળ્યું ? જેને સૌથી વધારે જરૂર છે તેને પહેલાં મળવું જોઈએ ને ! પરંતુ તેમ ન થયું. સરકાર સામે મારું આ જ તો તહોમતનામું છે કે સમાજના સૌથી નીચેના વર્ગ ઉપર ધ્યાન ન આપ્યું. સ્વરાજ્યમાં પણ સૌથી નીચેના ગરીબ માણસોની હાલત એવી ને એવી રહી. તો પછી એ લોકો કેમ માને કે સ્વરાજ્ય આવ્યું ?

એક હતું ગામ. ત્યાં કસાઈ લોકો રહેતા હતા. તેઓ બકરાંને શેફીલ્ડની છુરીથી કાપતા હતા. ત્યાર પછી સ્વરાજ્ય આવી ગયું, એટલે એમણે નક્કી કર્યું કે હવે શેફીલ્ડની નહીં, અલીગઢની છુરીથી બકરાં કાપવામાં આવશે. અને તેમ છતાં બકરાં તો પહેલાંની જેમ ચિલ્લાતાં જ રહ્યાં ! કસાઈ લોકો કહેવા લાગ્યા, ‘ મૂરખાઓ ! હવે શું કામ ચિલ્લાઓ છો ? હવે કાંઈ શેફીલ્ડની છુરી નથી, હવે તો આપણી સ્વદેશી અલીગઢની છુરી છે ! ’ શું આ સાંભળીને બકરાં ખુશ થશે ?

સારાંશ કે સૌથી નીચેના ગરીબ માણસોને પોતાની હાલત સુધરતી ન જણાય, ત્યાં સુધી એમને સ્વરાજ્ય

આવ્યાની અનુભૂતિ શી રીતે થઈ શકે? દિલ્હીમાં સૂર્યોદય થયો તો શું તમે કબૂલ કરશો કે સૂર્યોદય થયો? તમારા ઘરની સામે જ્યાં સુધી સૂર્યનાં કિરણો ન આવે, ત્યાં સુધી તમે એ વાત નહીં માનો. તો આ ગરીબ લોકો કેમ માને કે અમને સ્વરાજ્ય મળ્યું?

વળી, સૌથી વધુ દુઃખની વાત તો એ છે કે ગરીબો તરફ ધ્યાન ન અપાયું એટલું જ નહીં, ગરીબોની ઘોર ઉપેક્ષા થઈ. દેશમાં જાણે ગરીબી છે જ નહીં, એ રીતે બીજા લોકો વર્ત્યા. ગરીબો અને ધનવાનો વચ્ચેની ખાઈ સ્વરાજ્યમાં ઘટવાને બદલે વધુ પહોળી થઈ. આજે સ્થિતિ એ છે કે શહેરોમાં જાવ તો માની ન શકો કે આ દેશમાં આટલી બધી ગરીબી છે. જેમ સુદામા દ્વારકાથી પાછો આવ્યો ત્યારે તેની નગરી સુવર્ણની થઈ ગઈ હતી, એટલે તેને ભ્રમ થયો કે કદાચ ભૂલથી તે પાછો દ્વારકામાં જ નથી આવી ચઢચો ને! એટલામાં તેની પત્ની બહાર આવી એટલે તેનો ભ્રમ દૂર થયો. બરાબર આ જ હાલત દિલ્હીની થઈ ગઈ છે. લંડન–પેરિસના લોકો દિલ્હીમાં આવે છે તો એમને થાય છે કે અમે પાછા લંડન–પેરિસમાં તો નથી આવી ગયા ને? એમને એરકન્ડિશન્ડ—વાતાનુકુલિત ઓરડામાં ઉતારે છે. એટલે વૈશાખના ધોમધખતા બપોર હોય, ત્યારે ઓરડામાં જાણે શિયાળો! શહેરોમાં ફરવા નીકળે તો વિદેશી માલ જ્યાં ત્યાં નજરે ચઢે અને બધે વિદેશી જાહોજહાલીની નકલ કરી હોય. આ બધું જોઈને પરદેશીઓ વિચારમાં પડી જાય કે આ તો દિલ્હી છે કે એમના દેશનું લંડન કે પેરિસ? એમને દિલ્હી-મુંબઈમાં ભારતનું દર્શન નથી થતું, લંડન-પેરિસનું જ દર્શન થાય છે.

દેશનું ગાડું આવી રીતે સાવ ખોટે ચીલે ચઢી ગયું. ઉત્પાદન વધારવાની કોશિશ થઈ, જીવનધોરણ ઊંચું લાવવાની કોશિશ થઈ, પણ સૌથી પહેલાં સૌથી નીચેના સ્તરને ઉઠાવવાની કોશિશ ન થઈ. ગામેગામ જે દીન, દુઃખી, અભાવગ્રસ્ત લોકો છે, એમની તરફ ધ્યાન ન અપાયું. આયોજનમાં આ સૌથી મોટી ખામી આવી ગઈ. દેશનું સરેરાશ જીવનધોરણ વધે એટલાથી કામ નથી ચાલતું. ખાસ સૌથી નીચેના ગરીબોનું ધ્યાન રાખીને યોજના ઘડવી પડે છે, ત્યારે જ એમના સુધી એ યોજનાનો લાભ પહોંચે છે, ગરીબોને મદદ મળે છે અને એમની હાલત સુધરે છે. સ્વરાજ્યમાં આ સૌથી પહેલું કરવાનું કામ હતું, પણ હજી આટલાં વરસે પણ તે નથી થયું. તેથી જ ગરીબ પ્રજાની બેહાલી થઈ છે. સરકાર ઉપર મારો આ ત્રીજો આરોપ છે.

ટૂંકમાં, સરકાર ઉપર મારા ત્રણ આરોપો છે: ( ૧ ) સ્વાવલંબન ઉપર ધ્યાન ન આપ્યું. માણસની પાયાની જરૂરિયાતો— અન્ન, વસ્ત્ર, આવાસ, ઓજાર, આરોગ્ય, શિક્ષણ, મનોરંજનનાં સાધનો—બાબત સ્વાવલંબનની દૃષ્ટિએ વિચારીને ગામેગામ સ્થાનિક તેની પર્યાપ્ત વ્યવસ્થા ન કરી. ( ૨ ) શિક્ષણનો ઢાંચો નવેસરથી નક્કી ન કર્યો અને આટલાં વરસ ગુલામી કાળની એની એ શિક્ષણપદ્ધતિ ચાલવા દીધી. ( ૩ ) સૌથી નીચેના વર્ગ ઉપર ધ્યાન ન આપ્યું. યોજનાઓનો લાભ સૌથી નીચેના સ્તરના લોકોને ન મળ્યો. આવા ત્રણ આરોપો મારા સરકાર ઉપર છે. ત્રણ તહોમતનામાં. આને લીધે જ રાષ્ટ્ર-જીવનમાં ઘણી વિસંગતિઓ ઊભી થઈ અને સામાન્ય પ્રજાની બેહાલી થઈ.

માટે હું પૂછીશ કે જેમ વોરન હેસ્ટિંગ્સ પર કેટલાંક તહોમતનામાં મૂકવામાં આવેલાં અને તેના પર કામ ચલાવવામાં આવેલું, તેમ સરકાર ઉપર પણ શા માટે કામ ચલાવવામાં ન આવે ?

## ૪

મૂળમાં વાત એમ છે કે અત્યાર સુધી આપણા દેશનો જે કારભાર ચાલ્યો, તે ખોટે પાટે ચાલ્યો. ભાવના સારી હતી, પણ માર્ગ ખોટો હતો. ભાવના એવી હતી કે આપણા દેશને મોટા દેશોના ડાયરામાં સ્થાન આપવું છે, અને તે પણ જલદીમાં જલદી. ભારતને તુરતાતુરત જર્મની ઇંગ્લંડ, ફ્રાંસ, અમેરિકા, રશિયા જેવો આધુનિક દેશ બનાવી દેવો છે. આ બધા દેશો દુનિયાના વિકસિત દેશો છે, ખૂબ ઔદ્યોગિક વિકાસ સાધી ચૂકેલા દેશો છે. એમના વર્તુળમાં આપણા દેશને પણ જલદીમાં જલદી દાખલ કરી દેવો છે. આવી ભાવના હતી. અને જે કાંઈ કારભાર ચલાવાયો, તે આવા ખ્યાલ સાથે જ ચલાવવામાં આવ્યો.

આપણે પશ્ચિમના આ બધા દેશો જેવું થવું હતું, એટલે આપણે પશ્ચિમની વિચારસરણી મુજબ ચાલ્યા. આપણને હતું કે પશ્ચિમમાં જે ઢબે એ લોકોએ પ્રગતિ કરી, એ જ ઢબે આપણે પણ કરીએ. જોકે ખરું જોતાં

આપણને એમ સમજાવું જોઈતું હતું કે આજે આપણે તેમ કરવા ઈચ્છીએ તોયે કરી શકીએ તેમ નથી. પશ્ચિમના દેશોએ પોતાનો ઔદ્યોગિક વિકાસ કર્યો, ત્યારે એમને વિજ્ઞાનનો લાભ મળ્યો. બીજા દેશોમાં ત્યારે વિજ્ઞાન વિકસ્યું નહોતું એટલે ત્યાંથી ધન લઈ આવવાનો એમને મોકો મળ્યો. પરંતુ આજે તો હવે વિજ્ઞાન સર્વવ્યાપી થઈ ગયું છે અને પોતાને ત્યાં ઉદ્યોગો ઊભા કરી બીજા દેશોમાંથી સંપત્તિ ઢસડી લાવીને ધનવાન બની જવાનો અવસર હવે રહ્યો નથી. હવે વેપાર મારફત બીજાં રાષ્ટ્રોનું શોષણ કરીને ધન લાવી શકવાની આશા નથી. માટે ખરું જોતાં આપણે સમજવાની જરૂર હતી કે પશ્ચિમના દેશોને માર્ગે જવાથી આપણે પ્રગતિ સાધી શકીશું નહીં. પરંતુ આપણે તો પશ્ચિમનું અનુકરણ કરવાનું જ શરૂ કર્યું.

પશ્ચિમની એક વિચારસરણી છે, પશ્ચિમનું એક અર્થ-શાસ્ત્ર છે. તે કહેતું હતું કે દેશમાં જેટલાં યંત્રો વધે, મોટાં મોટાં કારખાનાં વગેરે વધે તેટલું દેશનું વધારે કલ્યાણ. સરકારને માથે અને આપણા દેશના ભણેલા લોકોને માથે આ અર્થશાસ્ત્રની ઘણી અસર. એટલે આપણા નેતાઓને થયું કે ફેક્ટરીઓ ખોલીએ, મોટાં મોટાં કારખાનાં ઊભાં કરીએ, મોટા મોટા બંધો બાંધીએ વગેરે વગેરે. એટલે તેમાં પૈસા નાખ્યા, મોટાં કરજ કરીને પણ તેમાં પૈસા નાખ્યા.

પરંતુ દેશમાં ભારે ગરીબી હતી. અને દિવસે દિવસે તે વધતી જતી હતી, છતાં પહેલાં તો થયું કે મોટાં કામ હોય છે, તેનાં ફળ જરા લાંબે ગાળે ચાખવા મળે છે. એટલે દસ-પંદર વરસે, વીસ વરસે તો આનાં ફળ ચાખવા મળશે એવા ખ્યાલથી મોટી મોટી યોજનાઓ પાછળ ખૂબ

પૈસો ખર્ચવામાં આવ્યો. પરંતુ અનુભવ એવો આવ્યો કે આ આશા કાંઈ ફળીભૂત થતી નથી.

બન્યું એવું કે બધો પૈસાનો કારભાર ચાલ્યો. લોકો પાસે પૈસા વધવા લાગ્યા. પણ દેશમાં માલ તો બહુ વધ્યો નહીં. રોજબરોજની જરૂરિયાતની ચીજ-વસ્તુઓ—કાપડ, અનાજ, ફળ, શાકભાજી, દૂધ, ઘી વગેરે બધું વધ્યું નહીં. અને ગજવામાં પૈસા આવી ગયા. આ પૈસા ક્યાંથી આવ્યા ? મોટાં મોટાં કારખાનાં અને મોટી મોટી યોજનાઓમાં જે પૈસા નખાયા હતા, એ જ લોકોનાં ગજવાંમાં આવ્યા. અને તે પણ કોની પાસે આવી ગયા ? જે ઉપરના લોકો છે, મધ્યમ વર્ગના લોકો છે, એમની પાસે પૈસા આવ્યા. ત્યારે પછી થાય શું ? બજારમાં જીવનજરૂરિયાતની મુખ્ય ચીજો તો લગભગ એટલી ને એટલી, અને ખિસ્સામાં પૈસા વધારે. ત્યારે ભાવ ઊંચા ન ચઢે, તો બીજું થાય શું ? ભાવ તો વધવાના જ. અને નીચેના સ્તરના લોકોનાં ખિસ્સાંમાં કાંઈ પૈસા વધ્યા નહોતા. એટલે ભાવ વધવાથી એ લોકો ખૂબ જ મુશ્કેલીમાં મુકાતા ગયા, ભારે ભીંસમાં આવતા ગયા. પૈસાને આપણો કારભારી બનાવી મૂક્યો તેનો આ નતીજો આવ્યો.

પૈસો તો લફંગો છે. એના પર ક્યારેય ભરોસો ન રખાય. આજે એક વાત કરે, અને કાલે બીજી. આજે એક રૂપિયામાં એક શેર ઘઉં મળતા હોય, તો વરસેક પછી એક રૂપિયામાં માત્ર અડધો શેર મળે ! રૂપિયો એનો એ જ, પણ ક્યારેક એનાથી એક શેર મળે અને ક્યારેક અડધો શેર ! આ રીતે તેનું મૂલ્ય ડામાડોળ થયા કરે. અને છતાં આવા લફંગા પૈસાને આપણે આપણો કારભારી બનાવ્યો !

એક માણસ લંકામાં ગયો. આજની નહીં, પુરાણકાળની લંકામાં. ત્યાં એણે થોડો વેપાર કર્યો. તો એક દિવસના વેપારમાં તેને બે સોનાની ઇંટો મળી. તેને થયું, એક દિવસની મહેનતમાં બે સોનાની ઇંટ મળી ગઈ, તો હવે વધુ મહેનત કરવાની શી જરૂર છે? આ બે ઇંટ લઈને પાછો જઈશ તોયે આખી જિંદગી આરામથી બેઠાં બેઠાં ખાઈ શકાશે. આમ એણે તો, ભાઈએ ભારત પાછા જવાનું નક્કી કર્યું. ત્યાં એને થયું કે ભારત જતાં પહેલાં જરા હજામત કરાવી લઉં. એ તો ગયો હજામ પાસે. જઈને પૂછે કે હજામત કરવાનું શું લેશો? હજામ કહે, સોનાની એક ઇંટ. પેલો તો આભો જ બની ગયો! આવી રીતે તો બે ઇંટથી જિંદગીભર ગુજરાન કેમ ચાલશે? તો સોનાની ઇંટનું અર્થશાસ્ત્ર તો આવું છે! એ લફંગું અર્થશાસ્ત્ર છે.

૧૯૬૩ માં લોકસભામાં ચર્ચા ચાલી હતી કે દેશના ગરીબ લોકોની આવક કેટલી છે? આયોજન પંચે આંકડા આપ્યા તેમાં કહ્યું કે ૧૦ ટકા લોકોની આવક મહિને ૭ રૂપિયા છે, અર્થાત્ રોજના પોણા ચાર આના થયા. આનાથી ઉપરના બીજા ૧૦ ટકાની આવક મહિને ૧૦ રૂપિયા, અર્થાત રોજના સવા પાંચ આના. અને ૨૦ ટકા એટલે ૯ કરોડ લોકો (૧૯૬૩ માં) થયા. દુનિયામાં ઘણા દેશોની તો આખી વસ્તી પણ આના કરતાં ક્યાંય ઓછી હોય છે. આનો અર્થ એ થયો કે દેશના નવ કરોડ લોકોને સવા પાંચ આના રોજથીયે ઓછું મળે છે. આટલી નજીવી રકમમાંથી બીજું તો ઠીક પણ પૂરતું ખાવાનુંયે ન મળી શકે.

પશ્ચિમની ઢબે આયોજન કરવા ગયા તેમાંથી આ સ્થિતિ સરજાઈ. આ લોકોને ક્યાં સુધી કહેતા રહીશું કે આયોજનનાં

ફળ તમને ભવિષ્યમાં મળશે ? તુકારામ મહારાજે કહ્યું છે–
उद्धाराशी नाहीं उधारी चे काम, અર્થાત્ ડૂબતાને ઉગારવામાં ઉધારનો વાયદો ન ચાલે.

એટલે મારું તો એમ કહેવું છે કે પૈસામાં નહીં, વસ્તુના પ્રમાણમાં વાત કરવી જોઈએ. દરેકને ૧ પાઉન્ડ દૂધ, ૩૦ તોલા અનાજ, ૧ ઔંસ ઘી કે તેલ, ૧ ઔંસ ગોળ અને ૩૦ તોલા શાકભાજી કે ફળ જોઈએ. ખોરાકની આ સરેરાશ છે. આ ઉપરાંત ૨૦ વાર કાપડ, શિક્ષણની સારી વ્યવસ્થા, બીમારો માટે દવાદારૂનો પ્રબંધ, કામ કરવા માટે સાધનો, રહેવા માટે સારું ઘર, અને મનોરંજન માટે કંઈક સાધન જોઈએ તથા ૮ કલાકથી વધુ કામ કોઈએ ન કરવું પડે, એમ હોવું જોઈએ.

આયોજન જો કરવું હોય તો આવું કરવું જોઈએ. તેને બદલે આપણા દેશનો કારભાર સાવ ખોટે પાટે ચઢી ગયો. આનાથી ભારે અનર્થ થયો છે. આપણે જો દેશને બચાવવો હશે તો આપણું મોઢું ફેરવવું પડશે અને નવેસરથી બધું આયોજન કરવું પડશે.

*

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130375
Date 14-9-2010
SIMLA

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

સરકાર ઉપર મારા ત્રણ આરોપો છે :

(૧) સ્વાવલંબન ઉપર ધ્યાન ન આપ્યું. માણસની પાયાની જરૂરિયાતો—અન્ન, વસ્ત્ર, આવાસ, ઓજાર, આરોગ્ય, શિક્ષણ, મનો-રંજનનાં સાધનો—બાબત સ્વાવલંબનની દૃષ્ટિએ વિચારીને ગામેગામ સ્થાનિક તેની પર્યાપ્ત વ્યવસ્થા ન કરી.

(૨) શિક્ષણનો ઢાંચો નવેસરથી નક્કી ન કર્યો અને આટલાં વરસ ગુલામી કાળની એની એ શિક્ષણપદ્ધતિ ચાલવા દીધી.

(૩) સૌથી નીચેના વર્ગ ઉપર ધ્યાન ન આપ્યું. યોજનાઓનો લાભ સૌથી નીચેના સ્તરના લોકોને ન મળ્યો. આવા ત્રણ આરોપો મારા સરકાર ઉપર છે. ત્રણ તહોમતનામાં. આને લીધે જ રાષ્ટ્ર-જીવનમાં ઘણી વિસંગતિઓ ઊભી થઈ અને સામાન્ય પ્રજાની બેહાલી થઈ.

વિનોબા

Library IIAS, Shimla
GJ 891.474 V 77 T
00130375

યજ્ઞ પ્રકાશન હુઝરાતપાગા વડોદરા ૩૯૦૦૦૧

SABARMATI ASHRAM
000777 Ahmedabad
TAHOMATNAMU GUJ.
MRP : Rs. 2

બે રૂપિયા